અપીલ અરજી નં.૯૧ તા.૨૪–૫ –૧૧
ફોન નં. ૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી રમેશ કે. જાંગીડ
સામાવાળાઃ– એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

વિષય :– આરટીઆઈ એકટ હેઠળ શ્રી રમેશ કે. જાંગીડની તા.૨૯–૩–૧૧ ની અરજીથી (૧) કર્મયોગી સોસાયટી વિ.૧ માં પ્લોટ નં.૧૮૦,૧૮૨ પર ઉભુ થયેલ સિધ્ધિ સર્જન એપાર્ટમેન્ટ તથા પ્લોટ નં.૧૬૭,૧૬૮,૧૬૯,૧૭૭ તથા ૨૦૦ પર ઉભા થયેલા બાંધકામની મંજુરી માટે મિલ્કતધારક તરફથી આપના વિભાગમાં જે જે ડોકયુમેન્ટસ રજુ કરવામાં આવ્યા હોય તે તમામે તમામ ડોકયુમેન્ટસની નકલો વિ. મુદ્દા નં.૧ થી ૩ ની માહિતિ આપવા બાબત.

સંદર્ભ :– અરજદાર મજકુરની અપીલ તા.૨૪–૫–૧૧ ની **SMC/FAP/** નં.૯૧/૨૦૧૧–૧૨

શ્રી રમેશ કે. જાંગીડની તા.૨૯–૩–૧૧ ની અરજીથી (૧) કર્મયોગી સોસાયટી વિ.૧ માં પ્લોટ નં.૧૮૦,૧૮૨ પર ઉભુ થયેલ સિધ્ધિ સર્જન એપાર્ટમેન્ટ તથા પ્લોટ નં.૧૬૭,૧૬૮,૧૬૯,૧૭૭ તથા ૨૦૦ પર ઉભા થયેલા બાંધકામની મંજુરી માટે મિલ્કતધારક તરફથી આપના વિભાગમાં જે જે ડોકયુમેન્ટસ રજુ કરવામાં આવ્યા હોય તે તમામે તમામ ડોકયુમેન્ટસની નકલો વિ. મુદ્દા નં.૧ થી ૩ ની માહિતિ આપવા બાબતે નિયત સમય અવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૪–૫–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૨૭૭ તા.૧–૬–૧૧ થી એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન) ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સા.ઝોન/ટેક./૧૬૫ તા.૧૫–૬–૧૧ થી પૂરક વિગતોમાં નોંધ વિભાગ, અરજદારને આપેલી માહિતી અંગે પત્ર નં.સા.ઝોન/ટેક./૧૨૭ તા.૩૦–૫–૧૧ ના પત્રની નકલ, અરજદારની મુળ અરજીની નકલ, પત્ર નં.સા.ઝોન/ટેક./૭૪૦૭ તા.૦૯–૦૧–૦૯ થી કરેલ મનાઈ હુકમના પત્રની નકલ, પત્ર નં.સા.ઝોન/ટેક./૬૪૦૬ તા.૦૯–૦૧–૦૯ થી આપેલ નોટીસની નકલ, પત્ર નં.સા.ઝોન/ટેક./૮૪૦૬ તા.૧૬–૨–૦૯ ના તાકીદના પત્રની નકલ અત્રે મળેલ છે.

અરજદારની તા.૨૯–૩–૧૧ ની અરજીથી માહિતી માંગતી અરજી ઉધનાઝોન ખાતે કરવામાં આવેલ. જે બાબતે નિયત સમય અવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી તા.૨૪–૫–૧૧ ના રોજ અપીલ અરજી કરેલ છે. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી નં.સા.ઝોન/ટેક./૧૨૭ તા.૩૦–૫–૧૧ ના પત્રથી નિયત સમય અવધિ બાદ માહિતી આપવામાં આવેલ છે. જેમાં અરજદારના મુદ્દા નં.(૧) કર્મયોગી સોસાયટી વિ.૧ માં પ્લોટ નં.૧૮૦,૧૮૨ પર ઉભુ થયેલ સિધ્ધિ સર્જન એપાર્ટમેન્ટ તથા પ્લોટ નં.૧૬૭,૧૬૮,૧૬૯,૧૭૭ તથા ૨૦૦ પર ઉભા થયેલા બાંધકામની મંજુરી માટે મિલ્કતધારક તરફથી આપના વિભાગમાં જે જે ડોકયુમેન્ટસ રજુ કરવામાં આવ્યા હોય તે તમામે તમામ ડોકયુમેન્ટસની નકલો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી મુદ્દા નં.૧ થી માંગવામાં આવેલ માહિતી ઉધનાઝોનના રેકર્ડ પર ઉપલબ્ધ નથી તેવું જણાવેલ છે. મુદ્દા નં.(૨) આ બાંધકામોને આપના વિભાગ ધ્વારા બાંધકામની પરમીશન આપી હોય તો તે પરમીશન પત્રની નકલ આપશો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સદર બાંધકામોને ઉધનાઝોનના વિભાગ ધ્વારા વિકાસ પરવાનગી આપવામાં આવેલ નથી તેવું જણાવેલ છે. મુદ્દા નં.(૩) ઉપરોકત પ્લોટ પર ઉભા થયેલ બાંધકામો મંજુર પ્લાન મુજબના છે કે કેમ? તેની માહિતી આપશો તથા જો મંજુર પ્લાન મુજબના હોય તો અત્યાર સુધી આ બાંધકામ બાબતે આપના વિભાગે કઈ કઈ કાર્યવાહી કરી તેની નકલો સહિતની વિગતો આપશો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સદર બાંધકામો પ્રત્યે કરવામાં આવેલ કાર્યવાહીની વિગતો આ સાથે સામેલ છે તેવું જણાવેલ છે. આમ જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને માહિતી પૂરી પડાયેલ છે. આરટીઆઈ એકટની કલમ–૨(એફ) અને ૨ (જે) અનુસાર જાહેર સત્તા મંડળ પાસેની અને નિયંત્રણ હેઠળની ભૌતિક સ્વરૂપે ઉપલબ્ધ માહિતી પૂરી પાડવાની જોગવાઈ છે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા. ૨૯–૦૩–૨૦૧૧ ની અરજીથી માંગવામાં આવેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી નિયત સમય અવધિ બાદ વિના મૂલ્યે દફતરી વિગતે પૂરી પડાયેલ હોઈ અપીલ અરજી અંગે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોઈ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ :       –૦૭–૨૦૧૧

પ્રતિ,
(૧) એડી.સીટી ઈજનેર  અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન) ,....જાણ તથા અમલ માટે .
(૨) શ્રી રમેશ કે. જાંગીડ,